ત્રીજા દિવસે ભરાતો ગેરનો મેળો જેમાં લાખોની સંખ્યામાં માનવ મેદની આદિવાસી લોક નૃત્ય નિહાળવા અને લોક નૃત્ય કેમેરામાં કેદ કરવા માટે આવે છે

ક્વાંટમાં પરંપરાગત હોળીના ત્રીજા દિવસે ભરાશે ગેરનો મેળો

ગેરના મેળામાં પૂર્વ તૈયારી ના ભાગરૂપે ઘેરીયાઓ શરીર પર ગોળ ટપકા કરે છે

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.28

ક્વાંટમાં પરંપરાગત હોળી ના ત્રીજા દિવસે ભરાતો ગેરનો મેળો જેમાં લાખોની સંખ્યામાં માનવ મેદની આદિવાસી લોક નૃત્ય નિહાળવા અને લોક નૃત્ય કેમેરામાં કેદ કરવા માટે આવે છે. હોળીના અગાઉ જે સોમવાર આવે છે તેને ભંગોરિયા નો હાટ કહેવામાં આવે છે. જેમાં આદિવાસી ભાઈ બહેનો જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ તેમ જ પાપડ બનાવવા માટે ચીજ વસ્તુઓની ખરીદી કરે છે. ભંગોરિયાના હાટ માં મોટી સંખ્યામાં જનમેદની જીવન જરૂરિયાત ચીજ વસ્તુ તેમજ હોળીના તહેવાર માટે ચીજ વસ્તુઓ ખરીદી કરવા ઉમેટ છે જેથી કરીને વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ ગોઠવવામાં આવે તેવી પ્રજા માંગ છે. હોળીના ત્રીજા દિવસ એટલે તારીખ 06/03/ 2026 ના રોજ ક્વાંટમાં ઐતિહાસિક પરંપરાગત આદિવાસી મેળો થનાર છે.

જેમાં મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને ગુજરાત આમ ત્રણે રાજ્યના આદિવાસી ભાઈ બહેનો ગેર મેળામાં પરંપરાગત આદિવાસી લોક નૃત્ય કરવા તેમજ મેળાની મજા માણવા માટે આવતા હોય છે આદિવાસી લોક નૃત્ય નિહાળવા અને કેમેરામાં કેદ કરવા માટે વિદેશી પર્યટકો પણ દર વર્ષે ગેર મેળામાં મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

ગેરના મેળામાં પૂર્વ તૈયારી ના ભાગરૂપે ઘેરીયાઓ શરીર પર ગોળ ટપકા કરે છે જે પાચમ સુધી તેઓ તે શરીર પર ગોળ સફેદ ટપકા પરંપરાગત રીતે રાખવામાં આવે છે ગેરના મેળામાં લોક નૃત્ય કરે છે જે શરીર પર ગોળ સફેદ ટપકા હોય છે કમરે મોટા મોટા ઘુઘરા લટકાવેલા હોય છે માથા પર મોરના પીછા મુગટ હોય છે. પગમાં પણ ઘૂઘરા પહેરતા હોય છે આદિવાસી બહેનો પણ એક સરખી ઓઢણીયો પહેરે છે.

છોટાઉદેપુર જિલ્લા મથકે હોળીના રામઢોલ ઢબુક્યા સૌથી મોટો ભંગોરીયાનો હાટ ભરાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, 28

છોટાઉદેપુર નગર ખાતે મહિલા પોલીસ સ્ટેશન પાસે આજરોજ શનિવારના જિલ્લાનો સૌથી મોટો ભંગોરીયાનો હાટ ભરાયો હતો. જેમાં દસ હજારથી વધુ આદિવાસી ગ્રામજનો ઉમટી પડ્યા હતા. અને રામઢોલ, પાવા, કરતાલો, ત્રાંસા સાથે એકજ જેવા પહેરવેશમાં જુદા જુદા રંગના વસ્ત્રો અને અલંકારો પહેરી નૃત્ય મંડળીઓ ઉમટી પડી હતી. જેમાં છોટાઉદેપુર ના કોલી, આત્રોલી, પાડલીયા, રંગપુર, કાછેલ, ચીલીયાવાટ, ખૂંધા પીપળા, અંબાલા ગાંઠિયા, વગેરે ગામની ટુકડીઓ અલગ અલગ પહેરવેશમાં આવી હતી. અને નાચગાન કરી ઉમંગ ઉત્સાહ સાથે ભંગોરીયાનો આનંદ માણ્યો હતો. વર્ષો જૂની પરંપરા મુજબ એકજ પહેરવેશમાં સજ્જ થઈ આદિવાસી યુવાનોએ નાચગાન કરી આજે પણ આદિવાસી સમાજનો અમૂલ્ય વારસો જાળવી રાખ્યો છે. આદિવાસી આજે પણ જૂની પરંપરા અને પ્રણાલી ને ભૂલ્યો નથી અને પોતાના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખ્યો છે.

આજના છોટાઉદેપુર ભંગોરીયા ના મેળામાં લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિત અનેક પદાધિકારીઓ મેળો માણવા આવ્યા હતા અને મોટલા ઢોલ ના તાલે થિરક્યા હતા. છોટાઉદેપુર 90 ટકા% આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે. જિલ્લામાં દિવાળી કરતા પણ વધારે મહત્વ હોળી પર્વનું છે. હોળીનો પર્વ ધામધૂમ પૂર્વક આદિવાસી સમાજ ઉજવે છે. હોળી ના તહેવાર હોય જેના એક અઠવાડિયા પહેલા છોટાઉદેપુર આસપાસના વિસ્તારના ગામોમાં ભરતા અઠવાડિક હાટ બજાર ભરાય છે તેને ભંગોરીયાનો હાટ કહેવાય છે. જેમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ ખરીદવા જેમ કે કપડાં, બુટ ચપ્પલ, મસાલા, વાસણ, અનાજ કરીયાણુ ખરીદવા અર્થે આદિવાસીઓ ઉમટી પડે છે.

પી.આઈ. વિજય ચારણના હસ્તે રૂ. 4.05 લાખનો મુદ્દામાલ પરત

"તેરા તુજકો અર્પણ" હેઠળ પાદરા પોલીસની અસરકારક કામગીરી

અરજદારોના બેંક ખાતામાં કુલ રૂ. 1.85 લાખની રકમ રિફંડ કરાવવામાં આવી હતી

(પ્રતિનિધિ) પાદરા, તા.28

પાદરા પોલીસ સ્ટેશન ખાતે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમનું ગૌરવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાયબર છેતરપિંડી અને ગુમ થયેલ મોબાઈલ સંબંધિત અરજદારોને મહત્વપૂર્ણ સહાય મળી હતી.

કાર્યક્રમ અંતર્ગત કુલ ૬ સાયબર અરજીઓમાં, માનનીય કોર્ટના આદેશ મુજબ અરજદારોના બેંક ખાતામાં કુલ રૂ. 1,85,298/- ની રકમ સફળતાપૂર્વક રિફંડ કરાવવામાં આવી હતી.

તે ઉપરાંત CEIR પોર્ટલના અસરકારક ઉપયોગથી કુલ ૯ અરજદારોના ખોવાયેલા/ચોરાયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા, જેની કુલ કિંમત રૂ. 2,20,069/- થાય છે.

આ રીતે કાર્યક્રમ દરમિયાન કુલ રૂ. 4,05,367/- નો મુદ્દામાલ અરજદારોને પરત આપવામાં આવ્યો હતો. પોતાનો મુદ્દામાલ પરત મળતા અરજદારોમાં ખુશી અને સંતોષની લાગણી જોવા મળી હતી. સમગ્ર કામગીરી પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. વિજય ચારણના હસ્તે મુદ્દામાલ અરજદારોને પરત આપીને પૂર્ણ કરવામાં આવી હતી. પી.આઈ. શ્રી વિજય ચરણના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા સતત પ્રયત્નો, આધુનિક ટેકનિકલ સહાય અને ઈન્ટર્નલ કોન્ટેક્ટના સુમેળભર્યા ઉપયોગથી આ સફળતા પ્રાપ્ત થઈ હતી.

કવાંટ તાલુકાના હાફેશ્વર ખાતે ભીલ સમાજ દ્વારા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.28

ક્વાંટ તાલુકાના હાફેશ્વર ખાતે આજરોજ ભીલ સમાજ સુધારણા મંચ દ્વારા સામાજિક રીતે રિવાજો લગ્ન તહેવારો મરણ બારમું વગેરેમાં જે કંઈ સુધારા કરવા અથવા ઘણી જૂની રીત રિવાજો ભુલાઈ ગયા છે એમાં બધાને યોગ્ય લાગે એવા ભવિષ્યમાં સમાજને સારી દિશા તરફ લઈ જવા માટે ના નીતિ નિયમો અને સમગ્ર ભિન્ન સમાજ એક થઈ ને આગળ વધે સાત સહકારથી સમાજ મજબૂત બને તે માટે ના ખૂબ મોટા પ્રયાસો કરવામાં આવે છે માટે આ બધા જ યુવાનો વડીલો ભાઈઓ બહેનો સંત મોહનતો સમાજ માટે સાથ સહકાર આપે એવી ચર્ચાઓ થઈ હતી જેમાં ઉપસ્થિત જિલ્લા ઉપપ્રમુખ રણજીતભાઈ ભીલ તાલુકા પંચાયત ઉપપ્રમુખ ભારેશભાઈ ગુલસીંગભાઈ સર્વે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ખાણ-ખનીજ વિભાગની નિષ્ક્રિયતા સામે લોકમાં રોષ

જબુગામ ઓરસંગ નદીમાં રેતી લીઝોમાં ગેરરીતિ: અધિકારીઓના મૌનથી ઉઠતા સવાલો

લીઝ બહારથી ગેરકાયદેસર રેતી લાવી વોશિંગ, ખેડૂતોના હિતોને મોટું નુકસાન

(પ્રતિનિધિ) બોડેલી, તા.28

છોટાઉદેપુર જિલ્લામાં આવેલી ઓરસંગ નદીમાં જબુગામ મેરિયા બ્રિજ પાસે ચાલતી કેટલીક રેતી લીઝોમાં ખુલ્લેઆમ કાયદાનો ભંગ થતો હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. સ્થાનિકોનું કહેવું છે કે લીઝધારકો નદીના ગ્રામ પંચાયત વિસ્તારના ઢગલાઓ તેમજ અન્ય સ્થળોથી ગેરકાયદેસર રીતે વોશિંગ વાળી રેતી લાવી, લીઝની અંદર ઠલવી રહ્યા છે અને ત્યાં રેતીનું વોશિંગ કરી તેનું વેચાણ કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા લીઝની શરતો અને ખનીજ કાયદાનો સીધો ભંગ ગણાય છે.

સ્થાનિકોમાં ચર્ચાનો વિષય એ છે કે ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને આ ગેરરીતિની જાણ હોવા છતાં કોઈ કડક પગલાં લેવાતા નથી. મેરિયા બ્રિજ આસપાસ ગેરકાયદેસર રેતી ખનન સતત ચાલતું હોવા છતાં વહીવટી તંત્ર ફક્ત ટ્રેક્ટર પકડવાની કાર્યવાહી સુધી સીમિત હોવાનું લાગી રહ્યું છે, જ્યારે મોટા પાયે ચાલી રહેલી લીઝ ગેરરીતિ તરફ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

જો ખાણ-ખનીજ વિભાગ લીઝોમાં ચાલતી ગેરરીતિ સામે ગંભીરતાથી પગલાં ભરે, નિયમોનો કડક અમલ કરાવે અને લીઝધારકોને સ્પષ્ટ સૂચનાઓ આપે તો ખેડૂતોને તેમજ સમગ્ર છોટાઉદેપુર જિલ્લાને મોટી રાહત મળી શકે એમ સ્થાનિકોની માંગ છે.

શિનોર હનીટ્રેપ કેસ: ત્રીજા આરોપીને શરતી જામીન, પુત્રને 6 દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ) શિનોર, તા.28

શિનોર પોલીસ મથકે તા. ૬ ફેબ્રુઆરીએ નોંધાયેલા રૂ. 75,75,550ના હનીટ્રેપ કેસમાં પકડાયેલા ત્રીજા આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં નામદાર કોર્ટે તેને શરતી જામીન પર મુક્ત કર્યો છે. બીજી તરફ, પોલીસે તેના પુત્રની અટકાયત કરી રિમાન્ડ માગતા કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

મળતી માહિતી મુજબ તા. ૧ મે 2025 થી તા. ૨૯ ઑક્ટોબર 2025 દરમિયાન બનેલા ગુનાની ફરિયાદ તા. ૬ ફેબ્રુઆરી 2026ના રોજ ફરિયાદી હરેન્દ્ર રણછોડ પટેલે ૯ આરોપીઓ સામે નોંધાવી હતી. કેસની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. ડી.આર. ભાદરકા દ્વારા હાથ ધરાઈ હતી.

પ્રારંભમાં બે આરોપી અનવર મન્સૂરી અને સલીમ ઉર્ફે બતકની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન રૂ. 4,18,000નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મુખ્ય આરોપી આશિક સિકંદર પઠાણ, જેના હાથે સમગ્ર રકમ આપવામાં આવી હોવાનું સામે આવ્યું હતું, તેની ધરપકડ કરવામાં આવી હતી. તેના રિમાન્ડ દરમિયાન રૂ. 14 લાખની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

તા. ૨૭ના રોજ તેના રિમાન્ડ પૂર્ણ થતાં નામદાર કોર્ટે તેની જામીન અરજી મંજૂર કરી શરતોને આધીન મુક્ત કર્યો છે. રિમાન્ડ દરમિયાન ખુલેલા ચોથા આરોપી અને આશિક પઠાણના પુત્ર અશફાક પઠાણને કોર્ટે ૬ દિવસના રિમાન્ડ પર મોકલ્યો છે.

હોળી-ધૂળેટી પર્વને લઈને લોકોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ) પાદરા, તા.28

પાદરા-વડુ પંથકમાં હોળી-ધૂળેટી પર્વને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તહેવારની ઉજવણી રંગે ચંગે કરવા માટે નગરજનો થનગની રહ્યા છે. ઉજવણી નિમિત્તે છેલ્લા કેટલાક દિવસોથી ધાણી, ચણા અને ખજૂરની ખરીદી માટે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં હાટડીઓ મંડાઈ ગઈ છે. પાદરા, મહુવડ, વડુ, મુવાલ અને માસર રોડ પંથકમાં હોળી પર્વને પગલે ધાણી-ચણા અને ખજૂરના સ્ટોલોથી બજારો ખીલી ઉઠ્યા છે. હોળી અને ધૂળેટી પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહેતા પાદરાના મુખ્ય બજારોમાં ખરીદીમાં નોંધપાત્ર તેજી જોવા મળી રહી છે. લોકો ધાણી, ચણા, ખજૂર, હાયડા અને સેવ જેવી તહેવારી વસ્તુઓની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. પાદરા-વડુ પંથકના ગાંધીચોક બજાર, સરદાર પટેલ નવી માર્કેટ (તાજપુરા રોડ), ફુલબાગ જકાતનાકા, ઝંડા બજાર, સ્ટેશન રોડ અને ગોવિંદપુરા સહિતના વિસ્તારોમાં ઠેરઠેર ધાણી-ચણા-ખજૂરના સ્ટોલ લાગ્યા છે.

ડભોઈ પોલીસનો 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ: 1.51 લાખનો મુદ્દામાલ પરત

ચોરાયેલા મોબાઈલ ફોન સંબંધિત માલિકોને પરત કરાયા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.28

ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ અધિક્ષક આકાશ પટેલના અધ્યક્ષસ્થાને 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ગુમ થયેલ માલમિલકત અને સાયબર ગુનાઓમાં પીડિત અરજદારોને તેમનો મુદ્દામાલ પરત સોંપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત ૪ સાયબર અરજીઓમાં કોર્ટના આદેશથી અરજદારોના બેંક ખાતામાં કુલ રૂ. 37,150 રિફંડ કરવામાં આવ્યા હતા. ઉપરાંત CEIR Portalની મદદથી શોધી કાઢવામાં આવેલા ૫ ગુમ થયેલ અને ચોરાયેલા મોબાઈલ ફોન (અંદાજિત કિંમત રૂ. 62,000) સંબંધિત માલિકોને પરત આપવામાં આવ્યા હતા.

તે ઉપરાંત રૂ. 52,000 કિંમતની સોનાની લગડી પણ અરજદારને સુપરત કરવામાં આવી હતી. આ રીતે કુલ રૂ. 1,51,150નો મુદ્દામાલ પરત આપવામાં આવતા અરજદારોમાં આનંદની લાગણી જોવા મળી હતી અને પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન "ત્રણ વાત તમારી - ત્રણ વાત અમારી" અંતર્ગત પોલીસ અને નાગરિકો વચ્ચે સંવાદ યોજાયો હતો, જેમાં કાયદો-વ્યવસ્થા, સાયબર સુરક્ષા અને જાહેર સહકાર અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબુતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટરો, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

લાઈફ હિંચકાના કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

કેમિકલ ટેસ્ટિંગ શીખવું છે? મિલમાં વપરાતા કેમિકલ ના ટેસ્ટિંગ માટે સંપર્ક: 9427519026

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317) ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી, જયેશભાઈ- 9106799251 9- મે, ટ્રેનમાં, મલ્લિકાર્જુન, તિરૂપતી, રામેશ્વર, કન્યાકુમારી. અધિક માસમાં, હરિદ્વાર, બદ્રીનાથ.

પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૬ તિબેટીયન મહાકુંભ- Horse Year દક્ષિણ ગુજરાત કૈલાશ માનસરોવર યાત્રી મંડળ, સુરત દ્વારા આયોજીત છેલ્લા 37 વર્ષથી કાર્યરત સંસ્થા. 25 વર્ષથી યાત્રાનો સફળ અને સુખદ અનુભવ. સુરતથી સુરત પ્લેન દ્વારા સુઆયોજન સાથે, વાયા નેપાળ દિવસ- 13, પ્રથમ બેચ 28 મે (ફુલ), બીજો બેચ 20 જુન, ત્રીજો બેચ 12 જુલાઈ ચોથો બેચ 20 ઓગષ્ટ (કાઠમંડુથી બસ દ્વારા) પાસપોર્ટ જરૂરી. ભાગ્યશાળી યાત્રી સંપર્ક કરે પી. ભરતભાઈ- 9879558244, પૂર્વિ ગજજર- 9712634105 રાવળ- 9375975293

ક્ષેત્રપાળ ટૂર્સ (ખાટુંશ્યામજી, સાલાસર સાંવરિયા, ઉદયપુર, જયપુર 11-03) (બેંગ્લોર, પટાયા 06 દિવસ વિથ ફ્લાઈટ 23-03) (નેપાળ, અયોધ્યા, વારાણસી 23-03) ઉનાળું વેકેશન પ્રવાસો. (સિમલા, મનાલી) (કાશ્મીર, વૈષ્ણોદેવી) (દાર્જિલિંગ, ગંગટોક) (ચારધામ, બદ્રીકેદાર) (હરિદ્વાર, ગોકુળ, મથુરા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક) સુરેશભાઈ પુરોહિત. 9825105053

નોકરી વિષયક

પાર્ટ- ટાઈમ જોબ સવારે- 7 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભાળવાનું પગાર- 8000. 9106715389 (864)

કાંટાતાર કંપાઉન્ડ કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે. સંપર્ક: 9924337821

જોઈએ છે સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુવર્ણ તક. સંપર્ક. કાજલબેન પટેલ મોબાઈલ નંબર: 9714134950

ફિઝિયોથેરાપી ક્લિનિક માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

FOR RENT 80,000/-ના માસિક ભાડામાં બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે. 4000/- સ્કેવર ફીટ 2200/- કાર્પેટ કોમા પાસે, પીપલોદ Con:- 9898024032 Dhaval Cyclewala

જોઈએ છે સરસાણા ખાતે 10 ભણેલા ઓફીસ બોય. 2 વ્હીલર વાળાને પહેલી તક. અરજી કરો. 9898991388. (867)

સેલ્સમેન જોઈએ છે (પુરુષ) એજ્યુકેશન સંસ્થામાં શૈક્ષણિક પ્રોજેક્ટનું માર્કેટિંગ કરી શકે તેવા સુરત, વાપી, વલસાડ, વડોદરા વિસ્તાર માટે અનુભવીને પ્રાથમિક્તા 9909906434

જોઈએ છે. એકાઉન્ટ માટે B.Com થયેલ અનુભવી વ્યક્તિની જરૂર છે.કેપ્લોન ઈન્ડસ્ટ્રીઝ. જુની GIDC, કતારગામ. 9879009133

સ્ટાફ જોઈએ. સ્કૂલ પ્રોડક્ટ્સનું વેચાણ સ્કૂલમાં જઈને કરી શકે તેવો સ્ટાફ. (ગાડી હોવી જરૂરી). 9033332299

લેડીઝ સ્ટાફ જોઈએ. Indiamart હેન્ડલ કરવા માટે અનુભવી લેડીઝ સ્ટાફ જોઈએ. ઉધના, સુરત. 9909463399

બહેનો જોઈએ છે ગુર્જરી જ્વેલર્સ, ડી. કે. માર્કેટ, ચોટબજાર, મોટા મંદિર, પગાર 9500/- (સમય 10:30થી 8:00)

મિલ્કત ભાડેથી

ઓફીસ લાયક જગ્યા ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

મિલ્કત જોઈએ છે

જોઈએ છે ખેતી લાઈક જમીન 1 થી દોઢ વીઘા નવસારી સુરતની વચ્ચે મો- 9925015819

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

પ્લોટ વેચવાનો છે કીમ કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

ભટાર રોડ 2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

ફ્લેટ વેચવાનો છે સીટી લાઈટ એરીયામાં જૂનું કન્સ્ટ્રકશન, ૧૯% કપાત (આશરે) ૨૨૦૦ sqft, ૧૮૦૦ sqft કાર્પેટ ફુલ્લી ફર્નીશ્ડ, ઈલેક્ટ્રોનિક્સ સાથે (દલાલોએ તસ્દી લેવી નહીં) Contact : ઋષભ શાહ ૯૫૮૬૫૦૭૯૬૯

ભટાર રોડ ઓફિસ વેચવાની છે. વકીલ, C.A., લાયક 9104614923 (868)

વેસુ, યુનિવર્સીટી નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (869)

પ્લોટ વેચવાનો છે ૧૭૦૦ વાર ૮૦ ફૂટ રોડ ડુમસ ૯૮૨૫૧૦૯૪૦૦

લગ્ન વિષયક

કર્ણાવતી મેરેજ બ્યૂરો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.